# NATIONAL STUDENTS' UNION OF INDIA

Office : Rajiv Gandhi Bhavan, Ellisbridge, Ahmedabad-380 006
Web. www.nsui.in

Mallikarjun Kharge, President of AICC | Kanhaya kumar Incharge All India NSUI | Mr. Varun Chaudhary National President NSUI


NARENDRA SOLANKI
President
GUJARAT NSUI.
(M) : 76982 73604


તા.૧૭-૦૩-૨૦૨૫

## પ્રેસનોટ

આજ રોજ ગુજરાત પ્રદેશ NSUI દ્વારા પ્રેસિડેન્ટ સાયન્સ કોલેજમાં એક વિદ્યાર્થીની છેડતી કરવા બાબતે અને પિડીત દિકરીને ન્યાય મળે તે માટે પ્રેસિડેન્ટ સાયન્સ કોલેજ ખાતે ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. NSUIના માધ્યમથી પ્રેસિડેન્ટ સાયન્સ કોલેજની એક વિદ્યાર્થિની સાથે થયેલી અયોગ્ય ઘટનાને લઈ આજરોજ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ અને પ્રિન્સીપાલ પ્રેસિડેન્ટ સાયન્સ કોલેજને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. તારીખ 04/03/2025 ના રોજ એડમિન ઓફિસ પાસે ફોર્મ ભરી રહેલી વિદ્યાર્થીની સાથે કોલેજના કેટલાક વિદ્યાર્થીઓએ બીભત્સ ટિપ્પણીઓ કરી અને છેડતી કરવાનો પ્રયાસ કર્યો. તે સમયે, તેણીએ અને તેના મિત્રો સાથે મળીને પ્રિન્સિપાલશ્રી પાસે ઘટના અંગે તુરંત રજૂઆત કરી.

પ્રિન્સિપાલશ્રીએ ઘટનાની ગંભીરતા સમજવી જોઈએ હતી, પરંતુ તેમણે તેના વિરોધમાં કોઇ યોગ્ય પગલું લેવાને બદલે, CCTV તપાસ માટે બીજા દિવસે બોલાવ્યા હતા. જયારે તારીખ 11/03/2025 ના રોજ વિદ્યાર્થિની ફરીથી ગઈ, ત્યારે પ્રિન્સિપાલશ્રીએ ટ્રસ્ટીશ્રીની હાજરીમાં તેને જ જવાબદાર ગણાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

બળજબરીપૂર્વક વિદ્યાર્થીની પાસે માફીપત્ર લખાવવામાં આવ્યો હતો, અને જ્યારે વિદ્યાર્થિનીએ જણાવ્યું કે તેના માતા-પિતા વિદેશ રહે છે, તો કોલેજ મેનેજમેન્ટે દ્વારા ઉદ્ધતાઇ અને અપમાનજનક રીતે કહ્યું કે "જે માતા-પિતા સાથે નથી રહેતી, એમાં કેવા સંસ્કાર હશે?". પછી "GET OUT" કહી તેને ઓફિસની બહાર કાઢી મૂકી હતી. તારીખ 12/03/2025 ના રોજ વિદ્યાર્થિનીના ઈમેલ પર અચાનક એક મેસેજ કરવામાં આવેલ હતો કે ટ્રસ્ટીશ્રીના આદેશથી વિદ્યાર્થીની અને તેના મિત્રો જે તેની સાથે છેડતી વિરૂદ્ધ રજૂઆત કરવા ગયા હતા તે બધાને NOC આપીને કોલેજમાં કાઢી મૂકવામાં આવ્યા હતાં.

પિડીત વિદ્યાર્થિનીને ન્યાય આપવાને બદલે કોલેજ સંચાલકો દ્વારા માનસિક ત્રાસ આપી માનસિક હેરાનગતી ઉભી કરીને સજા આપવામાં આવી હોય તેવી પરિસ્થિતિ ઉભી થઇ છે. કોઇ દીકરી પોતાની સાથે દુરવ્યવહાર અને છેડતી જેવા કિસ્સામાં ન્યાય માંગતી હોય ત્યારે તેવી દિકરીના પક્ષે ઉભા રહેવાની જગ્યાએ તેની જોડે અન્યાય, અપમાનિત કરવા, કોલેજમાંથી હાંકી મૂકવા તે કેટલું યોગ્ય છે?

યુનિવર્સિટીની પરીક્ષાઓ નજીક છે ત્યારે વિદ્યાર્થીનીને અચાનક મેનેજમેન્ટ દ્વારા કોલેજ છોડવા મજબૂર કરવામાં આવી રહી છે ત્યારે તે દિકરી ગભરાટ અને માનસિક તણાવ અનુભવી રહી છે. વિદ્યાર્થીની માટે હાલમાં બીજે ક્યાંય પ્રવેશ મેળવવો શક્ય નથી, અને આઘાતજનક રીતે ભવિષ્ય સાથે ચેડા કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. NSUI એ ઘટનાની ઉંડાણપૂર્વક તપાસ અને પ્રિન્સિપાલ તથા ટ્રસ્ટીશ્રી સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરે છે. આ દિકરીને તાત્કાલિક ન્યાય નહીં મળે તો આગામી દિવસોમાં ગુજરાત NSUI દ્વારા આગામી દિવસોમાં રાજ્યવ્યાપી ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

(હર્ષ ચૌહાણ)
પ્રવક્તા.આઈ.યુ.એસ.ગુજરાત પ્રદેશ એન ,

નરેન્દ્ર સોલંકી
પ્રમુખ ગુજરાત પ્રદેશ એન.આઈ.યુ.એસ.